પાલનપુર નારી સંરક્ષણ કેન્દ્રમાંથી સગીરાને ભગાડી જવાનો મામલો

પશ્ચિમ બંગાળથી સગીરાને ભગાડી લાવનાર શખ્સ ઝડપાયો

પશ્ચિમ બંગાળમાં રહેતો લાખણી તાલુકાના કોટડા ગામનો એક શખ્સ ૨૦ દિવસ અગાઉ એક સગીરાને ભગાડી લાવ્યો હતો જોકે, યુવતી સગીર હોઈ પોલીસ દ્વારા આ સગીરાને પાલનપુરના નારી સંરક્ષણ કેન્દ્રમાં મોકલી અપાઈ હતી. દરમ્યાન કોટડાના અન્ય એક શખ્સે આ સગીરા સાથે લગ્ન કરવાના ઈરાદે ખોટી ઓળખ રજૂ કરીને તેમજ સગીરાનો ભાઈ હોવાનું જણાવીને તેને નારી સંરક્ષણ કેન્દ્રમાંથી ભગાડી જતા ચકચાર મચી ગઈ હતી. જોકે, સગીરા ના અપહરણ બાદ પોલીસ દ્વારા પશ્ચિમ બંગાળથી સગીરાને ભગાડી લાવનાર યુવકને ઝડપીને ફરાર સગીરા અને તેના બનાવટી ભાઈને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, લાખણી તાલુકાના કોટડા ગામનો ઈમરાન ખાન ઈકબાલ ખાન નાગોરી નામનો શખ્સ જે પશ્ચિમબંગાળના હબરા ખારોનોર્થ ખાતે રહેતો હતો. જ્યાં બાજુમાં રહેતી એક સાડા સોળ વર્ષની સગીરા સાથે આંખ મળી જતા સગીરાને પામવા માટે તેને ૨૦ દિવસ અગાઉ ભગાડી ને કોટડા ગામે લાવ્યો હતો. જ્યાં લોકોને શંકા જતા સગીરાને ધાનેરા પોલીસ મથકે હાજર કરવા માં આવતા પોલીસે આ સગીરાને આશ્રય માટે પાલનપુર નારી સંરક્ષણ કેન્દ્રમાં મોકલી આપી હતી.

દરમિયાન, તા. ૨૨ જુલાઈના રોજ લાખણી તાલુકાના કોટડા ગામનો અલ્પેશ હકમાજી પંચાલ નામનો શખ્સ પોતે સગીરાનો ભાઈ શાલુદિન હોવાની ખોટી ઓળખ અને બનાવટી આધાર કાર્ડ રજૂ કરીને નારી કેન્દ્રમાંથી સગીરાનો કબજો મેળવીને ભાગી છૂટ્યો હતો. દરમ્યાન નારી ગૃહ માં રીમાન્ડ હોમની ટીમ સગીરા ની તપાસ માં આવતા અહીં સગીરા ને ભગાડી જનાર શખ્સ શાલુદિન નહી પરંતુ લાખણી તાલુકાના કોટડા ગામનો અલ્પેશકુમાર હકમાજી પંચાલ હોવાનું બહાર આવતા તેની વિરૂધ્ધ સગીરાનું અપહરણ અને બોગસ ઓળખ આપવા મામલે છેતરપિંડીનો ગુનો દાખલ કરવા માં આવ્યો હતો.

જેમાં પોલીસ દ્વારા પશ્ચિમ બંગાળ થી સગીરાને ભગાડી લાવનાર કોટડા ના ઈમરાન ઈકબાલ નાગોરી ને ઝડપી પાડી ને તપાસ હાથ ધરી છે

બોગસ આધાર કાર્ડ રજૂ કરી સગીરાનો કબ્જો લીધો

લાખણી તાલુકા ના કોટડા ગામ ના અલ્પેશ હકમાજી પંચાલ નામના શખ્સે પાલનપુર ના નારી સંરક્ષણ ગૃહ માં રહેતી પરપ્રાંતીય સગીરા ના ભાઈ શાલુદિન તરીકે ઓળખ અને બોગસ આધાર કાર્ડ રજૂ કરીને તેનો કબ્જો મેળવ્યો હતો.

લગ્નના ઇરાદે સગીરાને ભગાડી લવાઈ હતી

લાખણી તાલુકા ના કોટડા ગામનો ઈમરાન ખાન ઈકબાલ ખાન નાગોરી પશ્ચિમ બંગાળ માં રહેતો હતો જ્યાં બાજુમાં રહેતી સગીરા સાથે પ્રેમ થઈ જતા લગ્ન.કરવાના ઈરાદે સગીરાને ભગાડી ને કોટડા લવાઈ હતી જ્યાં લોકો દ્વારા સગીરા ને ધાનેરા પોલીસ ને સુપ્રત કરવામાં આવતા તેને પાલનપુર ના નારી સંરક્ષણ ગૃહ માં મોકલી અપાઈ હતી દરમ્યાન કોટડા ગામના અલ્પેશ પંચાલ નામના શખ્સે નકલી ભાઈ તરીકે ઓળખ ઉભી કરી તેમજ બોગસ આધારકાર્ડ રજૂ કરી ને સગીરા નો કબ્જો મેળવ્યો હતો.

મોડાસાના ઉમેદપુર દધાલીયા ખાતે આવેલા સ્વયંભુ ખંડુજી મહાદેવને રિઝવવામાં આવ્યા

ઉત્તર ગુજરાતમાં વરસાદ ખેંચતા મેઘરાજાને રીઝવવા કવાયત. મોડાસાના ઉમેદપુર દધાલીયા ખાતે આવેલા સ્વયંભુ ખંડુજી મહાદેવને રિઝવવામાં આવ્યા હતા. મોડાસાના ઉમેદપુર દધાલિયા ગામે ખડુંજી મહાદેવના શિવલિંગને પાણીમાં ડૂબાડ્યું હતું. વરસાદ ખેંચાતા વાવેતર મુરઝાઈ રહ્યા હોવાથી ખેડૂતો ચિંતિત છે. એવામાં ખડુંજી મહાદેવ મંદિરમાં ખડુંજી મહાદેવના શિવલિંગને પાણીમાં ડૂબાડાયું હતું. ખડુંજી મહાદેવ મંદિર ખેડૂતો અને પશુપાલકો માટે આસ્થાનું કેન્દ્ર છે. ગામ લોકો દ્વારા ખડુંજી મહાદેવ મંદિરમાં પાણી ભરી શિવલિંગ ડૂબાડવામાં આવ્યું હતું.

અરવલ્લી જિલ્લાના ધનસુરા અને માલપુરમાં વરસાદ વરસ્યો

અરવલ્લી જિલ્લાના ધનસુરામાં સવારથી જ વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. વાદળછાયા વાતાવરણ વચ્ચે ધનસુરામાં વરસાદ વરસ્યો હતો. માલપુરમાં પણ વરસાદ વરસ્યો હતો. ઘણા સમયથી વરસાદ ખેંચાઈ રહ્યો છે ત્યારે આજે ધનસુરામાં વરસાદ વરસ્યો હતો. આ વરસાદથી લોકોને રાહત થઈ હતી. ધનસુરા તાલુકાના ખેડૂતોને પણ વરસાદ વરસતા રાહત થઈ હતી. વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. વરસાદ વરસતા લોકોને ઘણા સમયથી પડી રહેલ ગરમીથી રાહત થઈ હતી.

પાલનપુર એટીએમ રૂ.૧૯.૬૧ની ચોરી કેસમાં

પૂર્વ પોલીસ મથકના પીએસઆઈ સસ્પેન્ડ કરાતા પોલીસ બેડામાં ખળભળાટ

પાલનપુર

પાલનપુર શહેરના ડેરી રોડ સ્થિત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એટીએમ ને તોડી ને રૂ.૧૯.૬૧ લાખની ચોરીના બનાવમાં ફરજમાં બેદરકારી દાખવવા બદલ શહેર પૂર્વ પોલીસ મથકની મોટી બજાર પોલીસ ચોકીના પીએસઆઈને સસ્પેન્ડ કરવામાં આવતા બનાસકાંઠા પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

પાલનપુર શહેરના ડેરી રોડ પર આવેલ જિલ્લા પોલીસ વડાના નિવાસસ્થાન નજીક અજાણ્યા તસ્કરો દ્વારા સ્ટેટ બેંક ના એટીએમ ને નિશાન બનાવીને લાખો રૂપિયાની ચોરીને અંજામ આપવામાં આવ્યો હતો. જેમાં તસ્કરોએ એટીએમ ના સી.સી.ટીવી કેમેરા પર કાળો સ્પ્રે છાટ્યા બાદ ગેસ કટર થી એટીએમ તોડી ને તેમો લોડ કરેલી રૂ.૧૯.૬૧ લાખ ની રોકડની લૂંટ ચલાવી ભાગી છૂટ્યા હતા. અને બાજુના આઈડીબાઈની બેંકના એટીએમમાં પણ લૂંટનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો.

જોકે એટીએમ તસ્કરી થઈ તે રાત્રીના સમયે પૂર્વ પોલીસ મથકની મોટીબજાર પોલીસ ચોકીના પીએસઆઇ બી. સી. છત્રાલિયાનું નાઈટ પેટ્રોલિંગ હોવા છતાં પણ જિલ્લા પોલીસ વડાના નિવાસ સ્થાન નજીક એટીએમ લૂંટની ઘટના ઘટી હતી. જે મામલે પીએસઆઇ એ ફરજ માં બેદરકારી દાખવીને બનાવ અંગે ઉચ્ચ અધિકારીને જાણ કરવામાં ના આવતા જીલ્લા પોલીસ વડા પ્રદીપ સેજુળ દ્વારા ફરજમાં બેદરકારી દાખવવા બદલ તેમજ પોલીસ વિભાગ માં અનુશાસન લાવવા માટે પૂર્વ પોલીસ મથકની મોટી બજાર પોલીસ ચોકીના પીએસઆઈ બી.સી.છત્રાલીયાને ફરજ માંથી સસ્પેન્ડ કરવામાં આવતા પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

બનાવની જાણ ઉચ્ચ અધિકારીઓને ના કરી ફરજમાં બેદરકારીને લઈને એસ.પી.એ કર્યા સસ્પેન્ડ

પ્રાંતિજમાં જાહેરમાં જુગાર રમતા ચાર જુગારીઓને પોલીસે પકડી પાડ્યા

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગીનાવાડી બાખ પાસે આવેલ ખુલ્લી જગ્યામાં જાહેરમાં જુગાર રમતા ચાર જુગારીઓને પ્રાંતિજ પોલીસે પકડી પાડયા હતા.

પ્રાંતિજ બોખ પાસે નગીનાવાડી પાસે જાહેરમાં ખુલ્લી જગ્યામાં ગંજીપાનાનો તીનપત્તિનો જુગાર રમતા ચાર જુગારીઓને પ્રાંતિજ પોલીસે પકડી પાડ્યા હતા જેમાં ઈકબાલમીયાં કાદરમીયાં સૈયદ, આસીફહુસેન અબ્દુલર રહેમાન શેખ, કાલુભાઈ ચાંદભાઈ મલેક, સોહીલહુસેન અબ્દુલ રહેમાન શેખ તમામે તમામ રહે નગીનાવાડી ગલેચીભાગોળ પ્રાંતિજનાઓને પ્રાંતિજ પોલીસે ૩૦૦ દાવની રકમ ગંજીપાના તેમની પાસેથી મળેલ અંગઝડતી ૮૫૦ મળી કુલ ૧૧૫૦ સાથે પકડી જુગાર કલમ ૧૨ મુજબ ગુનોનોધી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

ધોરણ-૫, ૮ના વિદ્યાર્થીને નાપાસ કરવાનો નિયમ આ વર્ષથી અમલી

ગાંધીનગર, તા.૨૫

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટમાં પ્રાથમિક શાળામાં ધોરણ-૮ સુધી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નાપાસ કરી શકાય નહીં તેવો નિયમ છે. આ નિયમમાં કેન્દ્ર સરકારે ફેરફાર કરીને નાપાસ કરવા કે નહીં તેનો નિર્ણય લેવાની સત્તા જે તે રાજ્ય સરકારને આપી છે. જેના પગલે ગુજરાત સરકારે ધો-૫ અને ધો-૮માં વિદ્યાર્થી નાપાસ થતો હોય તો નાપાસ જ કરાશે એ મતલબનો નિર્ણય લીધો છે. એટલું જ નહી, આ નિયમ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી જ લાગુ થશે. જો કે, સરકારના આ નિર્ણયને પગલે બાળકોના વાલીઓમાં ભારે નારાજગીની લાગણી પણ ફેલાઈ છે. વિદ્યાર્થીને નાપાસ નહી કરવાથી શિક્ષણની ગુણવત્તા પર અસર થતી હોય છ અને તેની અસર પછી ધો-૯ અને ધો-૧૦ના શિક્ષણ પર પડે છે. ઉપરાંત વિદ્યાર્થીના મનોવલણ પર પણ ગંભીર અસર થાય છે. આથી કેન્દ્ર સરકારે નાપાસ ન કરવાની જોગવાઈમાં ફેરફાર કરીને એવું નક્કી કર્યુ કે, ધો-૮ સુધીમાં ક્યાં ધોરણમાં વિદ્યાર્થીને નાપાસ કરવો તે જે તે રાજ્ય સરકાર નક્કી કરી શકે છે. જે સંદર્ભે ગુજરાતના પ્રાથમિક શિક્ષણ વિભાગે ધો-૫ અને ધો-૮માં વિદ્યાર્થી નાપાસ થતો હોય તો નાપાસ જ કરાય તેવી દરખાસ્ત તૈયાર કરી છે. હવે આ દરખાસ્તને તાકીદે મંજૂર કરી તેની અમલવારી આ જ વર્ષથી જ લાગુ કરવાની દિશામાં કવાયત આરંભી છે. જો કે, બીજીબાજુ, રાજય સરકારના આ નિર્ણયને પગલે વિદ્યાર્થીઓના વાલીઓમાં ભારે નારાજગીની લાગણી ફેલાઈ છે.

મોડાસામાં તત્ત્વ એન્જીનીયરીંગ કોલેજ દ્વારા ઈડરના યુવક અને કોલેજના યુવક નિર્મિત ''પેરા મોટર્સ''નું લાઈવ પ્રદર્શન યોજાયું

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જીલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં આવેલી તત્ત્વ એન્જીનીયરીંગ કોલેજ અને સાબરકાંઠા જીલ્લાના માનગઢ ગામના ધો. ૭ પાસ યુવક ઓવેશ ડોડિયાએ પોતાની કોઠાસુજથી બનાવેલ ગ્લાઈડર પેરાશૂટ (ઉડતું સ્કૂટર)નું લાઈવ પ્રદર્શન મોડાસાની સરકારી એન્જીનીયરીંગ કોલેજના હેલિપેડ ખાતે યોજાતા મોટી સંખ્યામાં એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓ અને પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.

તત્ત્વ એન્જીનીયરીંગ કોલેજ અને ઈન્સ્ટિટ્યૂટના કેમ્પસ ડાયરેક્ટર જયદત્તસિંહ પુવારના જણાવ્યા અનુસાર નાનપણથી પાયલોટ બનવા માંગતા ઈડર તાલુકાના ઓવેશ ડોડીયા અને તત્ત્વ એન્જીનીયર કોલેજના ચંદ્રવીરસિંહ જોદ્ધા નામના વિદ્યાર્થીની મહેનતથી હવામાં ઉડી શકે તેવું પેરા મોટર્સ જેને તત્ત્વયાન તરીકે પણ ઓળખીયે છીએ જેને સરકારે એસ.એસ.આઈ.પી. યોજના અંતર્ગત પસંદ કરી તેને બે લાખ રૂપિયા રૂપિયા ગ્રાન્ટ ફાળવવામાં આવી હોવાનું જણાવી આ પેરા મોટર્સને ભવિષ્યમાં કોમર્શિયલ ઉપયોગમાં લઈ શકાય તે માટે ટેક્નિકલી સંશોધન ચાલુ હોવાના અને ટેક્નિકલી મદદ માટે ભવિષ્યમાં એરોનોટિકલ વિભાગ અને ઈસરોની મદદ મેળવી અમે આ પેરા મોટર્સને વિશ્વસ્તરીયે લઈ જવા માંગતા હોવાનું અને તત્ત્વ ઈન્સ્ટિટ્યૂટનું મેન્ટર તરીકે નિમણુંકને પણ આવકારી હતી.

ઓવેશ ડોડીયાના જણાવ્યા અનુસાર પેરા મોટર્સનું વજન ૬૦ કિલોમીટર હોવાનું અને ૧૦ હજાર ફૂટની ઊંચાઈ સુધી ઉડવાની ક્ષમતા ધરાવતું હોવાનું અને ૧૨ લીટર બળતણમાં ૩ કલાક હવામાં ઉડ્યન કરી શકે છે અને અત્યાર સુધી આ પ્રોજેક્ટ પાછળ ૧૫ લાખ રૂપિયાનો ખર્ચ થયો હોવાનું જણાવ્યું હતું.

ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા સાગ્રોસણા ખાતે પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા. ૨૫

ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગર અને વર્ક વિઝન ઈન્ડિયા ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકા સાગ્રોસણા ખાતે પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પર્યાવરણને હર્યુભર્યુ અને લીલુંછમ્મ રાખવા વર્ક વિઝન ઈન્ડિયાના ગણેશભાઈ ચૌધરી અને કૌશિકભાઈ વરન સહિત અગ્રણીઓએ જરૂરી ઉપાયો સુચવ્યા હતાં.

આપણા દેશના લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિથી પર્યાવરણના સંરક્ષણ માટે ભારત સરકારના પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા ગ્રીન ગુડ ડીડ્ઝની શરૂઆત કરવામાં આવી છે. આબોહવામાં થઈ રહેલા ફેરફારની સાથે અનુકૂલન સાધી શકાય તેવી જીવનશૈલી અપનાવવા તથા કુદરતી સંસાધનોના સંરક્ષણમાં વ્યક્તિ અને સમુદાયની સક્રિય ભાગીદારી પર ભાર મુકતો આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે અગ્રણી ડૉ. ગણેશભાઈ પટેલે પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું કે ઘર, ઓફિસ, શાળાઓ અને કોલેજમાં જ્યારે જરૂર ના હોય ત્યારે તમામ લાઈટ, પંખા, ટેલીવિઝન, કોમ્પ્યુટર વગેરે બંધ રાખી વીજળીની બચત કરવી જોઈએ. તેમણે કહ્યું કે ટ્યુબલાઈટ અને વીજળીના ગોળાની જગ્યાએ એલ.ઈ.ડી. કે પ્રમાણમાં ઓછા વીજ વપરાશથી ચાલતી લાઈટનો ઉપયોગ કરવાથી મોટા પ્રમાણમાં વીજળીની બચત કરી શકાય છે. તેમણે જણાવ્યું કે વૃક્ષો કાર્બન ડાયોક્સાઈટ વાયુંનું શોષણ કરી આપણને પ્રાણવાયું પુરો પાડે છે તેથી વધુમાં વધુ વૃક્ષો વાવી તેનું યોગ્ય જતન કરી ઉછેર કરીએ. તેમણે કહ્યું કે ધ્વની પ્રદુષણ ન ફેલાય તે માટે આપણે વાહનો ચલાવતી વખતે પણ ખુબ કાળજી રાખવાની જરૂર છે. આ પ્રસંગે પર્યાવરણને લગતી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેનાર સ્પર્ધકોને પ્રોત્સાહિત ઈનામ એનાયત કરવામાં આવ્યા હતાં. કાર્યક્રમમાં સાંગ્રોસણા ગામના સરપંચ શાંતાબેન પટેલ, અગ્રણીશ્રી મોતીભાઈ જુવા, ભેમજીભાઈ ચૌધરી, સિનિયર સબ એડીટર આર.એસ. ચૌહાણ, રતિભાઈ લોહ, રતનજીભાઈ કુણીયા સહિત અગ્રણીઓ, ગ્રામ પંચાયતના સભ્યો, આંગણવાડીની બહેનો અને સારી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

ભિલોડામાં ચેક રીટર્ન કેસમાં આરોપીને ૬ માસની સાદી કેદની સજા ફટકારી

ભિલોડા,તા.૨૫

ભિલોડા ન્યાય મંદિરના ન્યાયાધીશે ચેક રીટર્ન કેસમાં આરોપીને ૬ માસની સાદી કેદની સજા અને વળતર પેટે રૂા.૧,૪૦,૦૦૦/- ચુકવવાનો હુકમ ફરમાવ્યો હતો. બેંકોના ચેકોનો દુરપયોગ કરતા ઈસમોમાં ભારે ફફડાટ ફેલાયો છે.ભિલોડા મે. એડીશનલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ. ક. કોર્ટમાં નેગાશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબની ફરીયાદ અન્વયે ચેક રીટર્ન કેસ સંદર્ભે ચુકાદો આવ્યો છે.

જે.ડી.સોલંકી(એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, ભિલોડા) ચેક રીટર્ન કેસ અન્વયે એડવોકેટ આર. કે. મનસુરીની દલીલોના આધારે આરોપી ઈસમને ૬ માસની સાદી કેદની સજા અને રૂા.૧,૪૦,૦૦૦/- વળતર પેટે ચુકવવાનો હુકમ કર્યો હતો.

ભિલોડાના રહેવાસી કનૈયાલાલ વસ્તીમલ સોનીએ ઈડર તાલુકાના પોશિના ગામના આશિષકુમાર ચંદુલાલ રાવળ સાથે મિત્ર ભાવના સબંધો હોઈ ઉછીના રૂા.૧,૪૦,૦૦૦/- આપેલ હતા.બે મહિના બાદ રૂપિયા પરત આપવાનો વાયદો કર્યો હતો પરંતુ વારંવાર ઉઘરાણી કરવા છતાં રૂપિયા પરત ન આપતાં ઉછીના રૂપિયા આપનાર કનૈયાલાલએ આરોપી ઈસમ આશિષકુમાર પાસેથી ધી સાબરકાંઠા ડીસ્ટ્રીક્ટ કો.ઓ.બેંક લી.,પોશિના શાખાનો ચેક નંબર.૧૩૭૮૫ તા.૮/૪/૨૦૧૬ ના રોજ રૂા.૧,૪૦,૦૦૦/- નો ચેક લીધો હતો.ચેક મળતા ઉછીના રૂપિયા આપનાર વ્યક્તિને વિશ્વાસ અને ભરોસો આવ્યો હતો. કનૈયાલાલએ ચેક વટાવવા સારૂ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા,ભિલોડા શાખામાં ભર્યો હતો પરંતુ આરોપી ઈસમના ખાતામાં પુરતુ ભંડોળ ન હોવાના કારણે તા.૧૧/૪/૨૦૧૬ ના રોજ બેંકના રીટર્ન ચેકના મેમા સાથે પરત આવતા તા.૨૩/૪/૨૦૧૬ ના રોજ ચેક રીટર્ન સંદર્ભે કાનુની નોટીસ આર. કે. મનસુરી,એડવોકેટ મારફતે આપી હતી.ચેક રીટર્ન કેસ ભિલોડા ન્યાય મંદિરમાં તા.૧/૬/૨૦૧૬ ના રોજ દાખલ કર્યો હતો.તા.૬/૬/૨૦૧૯ ના રોજ ચેક રીટર્ન કેસ સંદર્ભે મેજીસ્ટ્રેટે ચુકાદો જાહેર કર્યો હતો.આરોપી ઈસમને ચેક રીટર્ન કેસ અન્વયે ગુનેગાર ઠેરવી ૬ માસની સાદી કેદની સજા અને રૂા.૧,૪૦,૦૦૦/- વળતર પેટે ચુકવવાનો હુકમ કર્યો હતો.

સિક્સલેન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટ્રાફિકનુ ભારણ વધ્યુ છે. આ સ્થિતિને ધ્યાને લઈ નગરના ગ માર્ગને સિકસલેન બનાવવવા માટે આયોજન કરાયુ છે. જયારે આગામી દિવસોમાં ગ માર્ગનુ કામ પણ શરૂ કરી દેવાશે. શહેરના ગ માર્ગને સિકસલેન બનાવવા માટે ટેન્ડર પ્રકીયા પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે સંબંધિત એજન્સીને વર્ક ઓર્ડર પણ આપી દેવાયો છે. શહેરના ગ માર્ગની સાથે રોડ નં -૬ તેમજ રોડ નં -૭ ને પણ સિકસલેન બનાવાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૬૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. હાલ વરસાદી દિવસો ચાલતા હોવાથી ચોમાસા બાદ નગરના માર્ગોને સિકસલેન બનાવાની કામગીરી હાથ ધરાશે. હાલ સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ પણ હાથ ધરવામાં નહીં આવે ચોમાસા બાદ ડામર રસ્તાના કામો શરૂ કરાશે.

આયોગ ખફા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આયોગને લાંચરૂશ્વત બ્યુરો તરફથી આપવામાં આવેલી માહિતી પ્રમાણે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળના ગુનામાં ફોજદારી કાર્યવાહી પડતર હોય તેવા ૧૪૬૧ કેસ વિવિધ અદાલતોમાં પડતર છે જે પૈકી ૧૫૪ કેસો દસ વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે.

વર્ષ દરમ્યાન આયોગને કુલ ૮૭૯૨ ફરિયાદો મળી હતી તે પૈકી ૯૧૫ અરજીઓમાં કરવામાં આવેલા આક્ષેપો ગંભીર હોવાથી સરકારના વિભાગોને પ્રાથમિક તપાસ કરીને આયોગને આપવા માટે કહેવામાં આવ્યું હતું, જ્યારે ૫૯૩૯ જેટલી અરજીઓ યોગ્ય કાર્યવાહી કરવા સબંધિત સત્તાધિકારીઓને મોકલવામાં આવી હતી. આ સાથે અધુરી ૧૮૨૦ અરજીઓ દફતરે કરવામાં આવી છે.

અહેવાલના વર્ષ દરમ્યાન સૌથી વધુ ૧૫૦૫ અરજીઓ શહેરી વિકાસ વિભાગ માટે આવી હતી. પંચાયતની ૧૨૭૨ અને મહેસૂલની ૧૧૫૪ અજીઓ હતી. એ ઉપરાંત ગૃહ વિભાગને લગતી ૯૨૫ અને શિક્ષણને લગતી ૫૧૪ અરજીઓ આયોગને મળી હતી. બીજી તરફ બોર્ડ કોર્પોરેશનને લગતી આવેલી ૫૭૨ અરજીઓ પૈકી સૌથી વધુ ૧૨૫ અરજીઓ મેરીટાઈમ બોર્ડ માટે હતી.

ગુજરાત વિધાનસભામાં રજૂ થયેલા તકેદારી આયોગના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે વર્ષ દરમ્યાન કુલ ૧૧૭૬ જાહેર સેવકો સામે જુદી જુદી ભલામણો કરવામાં આવી હતી. લાંચરૂશ્વત વિરોધી બ્યુરો અને અન્ય એજન્સીઓ તરફથી મળેલા અહેવાલની ચકાસણી કરીને ૨૪ અધિકારીઓ સામે પ્રોસીક્યુશનની મંજૂરી આપવાની ભલામણ કરવામાં આવી છે. સચિવાલયના વિભાગો, ખાતાના વડા અને બોર્ડ કોર્પોરેશન તરફથી મળેલા અહેવાલોની ચકાસણી કરીને ૩૮૮ જાહેર સેવકો સામે ભારે શિક્ષાની જોગવાઈ કરવામાં આવી છે. ૨૫ અધિકારીઓ સામે પેન્શન કાપની તેમજ ૧૩૪ અધિકારીઓ સામે હળવી સજાની જોગવાઈ કરવામાં આવી છે.

રાજ્યના ૬૮ કર્મચારીઓ સામે વસૂલાત જેવી કાર્યવાહી કરવાની તેમજ ૬૩૯ કર્મચારીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની ભલામણ કરવામાં આવી છે જ્યારે ૫૩૭ કર્મચારીઓ સામે કરવામાં આવેલા આક્ષેપોમાં તથ્ય નહીં હોવાથી તેમના પ્રકરણ દફતરે કરવામાં આવ્યા છે. તકેદારી આયોગે આઠ થી દસ વર્ષ જૂના કેસોની સમીક્ષા પણ હાથ ધરી છે.

મહત્વની બાબત એવી સામે આવી છે કે આયોગને મળેલા તપાસ અહેવાલ પછી સરકારના વિભાગો તેમજ બોર્ડ કોર્પોરેશને કરેલી કાર્યવાહીમાં આયોગે ગંભીર નોંધ લીધી છે. આયોગે નોંધ્યુ છે કે સચિવાલયના વિભાગો તથા બોર્ડ કોર્પોરેશન તરફથી મળેલા પ્રાથમિક તપાસના અહેવાલોની ચકાસણી કરતાં મોટાભાગના કેસોમાં પ્રાથમિક તપાસની કામગીરી યોગ્ય રીતે કરવામાં આવતી નથી તેવું આયોગને જણાયું છે. કેટલાક કેસોમાં ફરિયાદ અરજીમાં ઉલ્લેખિત બધાં આક્ષેપોની તપાસ કરવામાં આવતી નથી અને માત્ર અમુક જ આક્ષેપો અંગે તપાસ કીરને આયોગને અહેવાલ આપી દેવામાં આવે છે.

આયોગે કહ્યું છે કે જે આક્ષેપો અંગે પ્રાથમિક તપાસ કરવામાં આવી હોય છે તે અંગે કઈ ક્ષતિ છે. કઈ અનિયમितता છે. કઈ ગેરરીતિ છે. ખાતાના ક્યા નિયમોનો ભંગ થયો છે. કોના પક્ષે આવો ભંગ થયો છે. જવાબદારી કોની બને છે. તેના પુરાવા શું છે જેવા સ્પષ્ટ અને ચોક્કસ વિગતો સાથેના અહેવાલો રજૂ કરવામાં આવતા નથી, પરિણામે ફરીથી અહેવાલો મંગાવવા પડે છે. પ્રાથમિક તપાસમાં ખરેખર કોની જવાબદારી થાય છે અને આવી જવાબદારી કેટલે અંશે થાય છે તે ચોક્કસપણે ચકાસી શકાય તે માટે પ્રાથમિક તપાસના કેસો આયોગને રજૂ કરવા માટે નિયત પત્રક બનાવ્યું છે પરંતુ તેનું પાલન કરવામાં આવતું નથી. સરકારના વિભાગો અને બોર્ડ કોર્પોરેશનના વડાઓને કહેવામાં આવ્યું છે કે આ પત્રક પ્રમાણે અહેવાલ સમયસર બનાવવામાં આવે તો જવાબદારોની ચોક્કસ જવાબદારી નિયત કરી આરોપનામું ઘડવામાં ઉપયોગી બની રહેશે.

ત્રિપલ તલાક

● અનુસંધાન પહેલાનું ચાલુ

જટિલ જોગવાઈ રહેલી છે. ૨૮મી ડિસેમ્બર ૨૦૧૭ના દિવસે લોકસભામાં ત્રિપલ તલાક બિલ પાસ કરવામાં આવ્યું હતું પરંતુ રાજ્યસભામાં આ મામલો અટવાઈ પડ્યો હતો. ત્યારબાદ ૨૭મી ડિસેમ્બર ૨૦૧૮ના દિવસે પણ લોકસભામાં ત્રિપલ તલાક બિલ પાસ કરી દેવામાં આવ્યું હતું પરંતુ તે વખતે પણ આ બિલ રાજ્યસભામાં અટવાઈ પડ્યું હતું. ત્રિપલ તલાક બિલને લઈને આજે જોરદાર રજૂઆતો તમામ પક્ષો તરફથી કરવામાં આવી હતી. આની શરૂઆત કેન્દ્રીયમંત્રી રવિશંકર પ્રસાદે કરી હતી અને જુદા જુદા મામલાઓનો ઉલ્લેખ કર્યો હતો. ભાજપના સાંસદ મિનાક્ષી લેખીએ કહ્યું હતું કે, નિકાહ હવે નિકાહ જેવી બાબત રહી છે. મજાક સમાન બની ગઈ છે. ઓલ ઈન્ડિયા મજલિસે ઈત્તેહાદુલ મુસ્લિમઈનના સાંસદ ઓવૈસીએ કહ્યું હતું કે, ત્રિપલ તલાક બિલ મહિલાઓની વિરુદ્ધમાં છે. ચર્ચા દરમિયાન હૈદરાબાદના સાંસદે કહ્યું હતું કે, આ બિલને લઈને તેઓ અગાઉ પણ વિરોધ કરી ચુક્યા છે અને અંતિમ શ્વાસ સુધી આનો વિરોધ કરશે. તેમણે કહ્યું હતું કે, આ બિલ મુસ્લિમોને તેમના ધર્મથી દૂર કરવા માટે લાવવામાં આવ્યું છે.

ભણકારા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરાર જાહેર કરવાને લઈને અસ્પષ્ટ સ્થિતિ દેખાઈ રહી છે. સુપ્રીમ કોર્ટે ૧૭મી જુલાઈના દિવસે પોતાના આદેશમાં કહ્યું હતું કે, વિધાનસભા અધ્યક્ષ અસંતુષ્ટોના રાજીનામાના મુદ્દા ઉપર નિર્ણય લેવા માટે સ્વતંત્ર છે પરંતુ અસંતુષ્ટોએ વિધાનસભામાં મતદાનમાં ભાગ લીધો ન હતો. ૧૧મી જુલાઈથી તેમના રાજીનામા અંગેના નિર્ણયો પેન્ડિંગ પડેલા છે. રાજીનામાના નિર્ણયમાં વિલંબ થશે તો અસંતુષ્ટો ફરીવાર સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરી શકે છે. ૧૦મી જુલાઈના દિવસે વિધાનસભા અધ્યક્ષને તરત રાજીનામા સ્વીકારી લેવા માટે આદેશ કરવાની માંગ કરી અરજી કરવામાં આવી હતી.

કોશિશ ન કરે

● અનુસંધાન પહેલાનું ચાલુ

નિવેદન અંગે પણ સવાલ પૂછવામાં આવ્યો. ઈમરાને અમેરિકાના પ્રવાસમાં કહ્યું હતું કે ૧૪ ફેબ્રુઆરીમાં કાશ્મીરના પુલવામા આતંકવાદી હુમલામાં સ્થાનિકો સામેલ હતા. પાકિસ્તાનનો તેમાં કોઈ હાથ નથી. તેના પર જનરલ રાવતે કહ્યું કે અમે સત્યથી સંપુર્ણપણે વાકેફ છીએ. તેથી કોઈ એક નિવેદનને લઈને આગળ નથી વધી શકીએ. અમારી ગુપ્ત એજન્સીઓએ આ હુમલામાં જરૂરી પુરાવા મેળવ્યાં છે.

મહત્વપૂર્ણ છે કે, ૨૬મી જુલા